

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*જાદુઈ સારવારથી દર્દી સાજા થઈ જાય છે!*
*સરકારની દરકારથી તાજા થઈ જાય છે!*
*તાજા-માજા થઈ 'કોરોના' ને પણ કરે છે મ્હાત -*
*વિશ્વ વિજયી 'અંકો'માં તો રાજા થઈ જાય છે!*

### હાઈકુ

*'દર્દી' કરતાં -*
*સાજા થ્યા નો 'આંકડો'*
*વધી ન જાય!!*
*(ઈ- જોજો, અતિ ઉત્સાહમાં)*

*લાગે ન ચેપ!*
*દેવ ના દીકરા ને*
*'ઉજવણી' માં*
*(રાષ્ટ્રીય તહેવારમાં વાંધો નહીં)*

### ચિંતન

**અતિ કલેશેન યે ચાર્થા ધર્મસ્યાતિક્રમેણ તુ ।**
**શત્રુણાં પ્રણિપાતેન તે હાર્થા મા ભવન્તુ મે ॥**

ઉપરોક્ત શ્લોક 'બ્રહ્મસૂત્ર'માંથી લેવામાં આવેલ છે.

જે ધન બીજાને હાનિ અને પીડા આપીને, ધર્મ વિપરીત કાર્ય કરીને, શત્રુ સામે યાચક બનીને પ્રાપ્ત થાય છે એવું ધન મને નથી જોઈતું.

મનુષ્ય એ એવા ધનની કામના નહીં કરવી જોઈએ જે બીજાને કષ્ટ આપીને એકત્રિત થયું હોય, તેવું ધન કલ્યાણકારી નથી હોતું. સદૈવ પરિશ્રમ અને સારા ઉપાયોથી ધનનો સંગ્રહ કરવો જોઈએ.

નકલી દવાઓ બનાવટી ભેળસેળીયો સિમેન્ટ કે બીજાના હૃદયને દુભવ કરેલી કમાણી, બે નંબરી આવકથી કદી કોઈનું કલ્યાણ થતું નથી, આવી 'અલક્ષ્મી' આપણા મન-વિચાર બગાડે છે. જીવનનો સર્વનાશ કરે છે. સાત્ત્વિક સુલક્ષ્મી જીવન આપે છે.

### સુવિચાર

- જિંદગી 'WORTH' હૈ, વ્યર્થ નહીં - **ફેસબુક**
- દુ:ખોની સમાપ્તિ મૃત્યુ જ છે - **ચાણક્ય**
- બધા અતિરેકો માણસ જાત માટે સંકટ નોતરે છે - **યુરિપિડિસ**
- લોભ એ પાપનું મૂળ છે એટલું જ નહીં પણ તે જાતે જ પાપરુપ છે - **સંત ઓગસ્ટીન**
- બાળક, જે શાળાએ જવા માટે રડે ત્યારે સમજવું કે
  શિક્ષકે માતાનો દરજ્જો પ્રાપ્ત કરી લીધો છે - **મોરારિ બાપુ**
- સુખની સીમા જરૂરી છે, વિદ્યામાં હરિફાઈ અપરાધ છે : **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : કમળો થયો હોય ત્યારે પાકા કેળામાં મધ ઉમેરીને ખાવાથી ફાયદો થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક વડીલ હતા. તે નાનકડી લારી પર નાસ્તો વેચતા. જમાનાના અનુભવી વડીલ વાતોડિયા અને રમુજી સ્વભાવના હતા. એમના આ સ્વભાવને કારણે એમની લારી પર સતત ગ્રાહકોની ભીડ રહેતી. એકવાર એક ત્રીસેક વર્ષના યુવાને વડીલ સાથે બપોરની નવરાશના સમયે નાસ્તો કરતા કરતા કર્મ અને ભાગ્ય પર વાત શરૂ થઈ. યુવાને પૂછ્યું 'વડીલ, માણસ મહેનતથી આગળ વધે છે કે નસીબથી ?'

વડીલે કહ્યું, 'તમે સુખી ઘરનાં દેખાવ છો, તમારું કોઈક બેંકમાં લોકર તો હશે જ. એની ચાવીઓ જ આપના સવાલનો જવાબ છે. દરેક લોકરની બે ચાવીઓ હોય છે. જેમાંની એક ચાવી આપની પાસે રહે છે. જયાં સુધી આ બંને ચાવી ના લાગે ત્યાં સુધી લોકરનું તાળુ ખુલી શકે નહીં, તમે કર્મયોગી પુરુષ છો અને મેનેજર ભગવાન, તમારે તમારી ચાવી સતત લગાવતા રહેવું જોઈએ. આપણને ખબર નથી ઈશ્વર કયારે પોતાની ચાવી લગાવી દે, કયાંક એવું ના થાય કે ભગવાન પોતાની ભાગ્યવાળી ચાવી લગાવતો હોય અને આપણે પરિશ્રમ વાળી ચાવીના લગાવી શકીએ અને તાળું ખોલવાનું રહી જાય.'

યુવાનને વડીલનું કર્મ અને ભાગ્યનું સુંદર અર્થઘટન શિરાની જેમ ગળે ઉતરી ગયું.

# શંકા-કુશંકાઓ ઊપજાવતો 'ડેન્જરસ એપિસોડ'

**તંત્રીસ્થાનેથી...**

મુંબઈ બોમ્બ ધડાકાઓ પછી દાઉદ ઈબ્રાહીમ સ્વૈચ્છિક દેશવટે ભોગવી રહ્યો છે. મોસ્ટ વોન્ટેડ ગુનેગાર હોવા છતાં ભારત સરકારના હાથ એની સુધી પહોંચી શક્યા નથી. અવારનવાર એની કિડની ફેલ થઈ ગઈ હોવાના અને પાકિસ્તાનમાં ત્યાંની આર્મીની સુરક્ષા હેઠળ રહેતો હોવાનો તો કયારેક દુબઈમાં સારવાર કરાવતો હોવાના સમાચારો ફલેશ થતા રહે છે. ગુજરાતનાં ૨૦૦૨નાં કોમી રમખાણો વખતે નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા. ગોરધન ઝડફિયા ગૃહમંત્રી અને વિશ્વ હિંદુ પરિષદના અગ્રણી તરીકે આ રમખાણો વખતે સક્રિય હોઈ સ્વાભાવિક છે કે તેઓ ઈસ્લામિક કટ્ટરવાદીઓના હિટ લિસ્ટમાં હોય. આટલા લાંબા સમય પછી એમને ટાર્ગેટ બનાવીને છોટા શકીલના શાર્પશૂટરો અમદાવાદ આવે, ભારતીય જનતા પાર્ટીના મુખ્યાલય 'કમલમ્' ની મુલાકાત લઈ સતત એમની 'રેકી' કરે, જે મુદ્દે ગૃહમંત્રી એમને સાવચેત પણ કરે અને પાછા વિશ્વ હિંદુ પરિષદના સાથે સક્રિયપણે સંકળાયેલા હિંદુ વેપારીની માલિકીવાળી હોટલમાં જ ઊતરે એ કોઈ રહસ્યકથાના એપિસોડ જેવું જ લાગે. પરંતુ આંતરેલી માહિતીના આધારે ત્વરિત ઍક્શનમાં આવી મોડી રાતે એન્ટિ ટેરરીસ્ટ સ્કવોડના જાંબાઝ પોલીસ અધિકારીઓએ 'વિનસ' હોટલ શોધી કાઢીને રૂમ નં. ૧૦૫માં સાચા નામઠામ સાથે ઊતરેલા ઈરફાનને ઝબ્બે કર્યો છે તે હકીકત છે. હિંમતબાજ પોલીસ અધિકારી રોજિયા સામે છોડાયેલી ગોળીઓ હોટળ વિનસની રૂમના માળિયા અને દીવાલને લાગી એથી એક દારુણ દુર્ઘટના બનતી બનતી અટકી ગઈ નહીંતર એ પોલીસ અધિકારીનું શું થયું હોત તે કલ્પવું મુશ્કેલ છે. ગોરધન ઝડફિયાને ટાર્ગેટ કરવા પાછળ કયાં પરિબળોનો હાથ છે તે શોધી કાઢવાનું ગુજરાત પોલીસ માટે અઘરું નથી કારણ કે જે બે શાર્પશૂટરો એમની અને બીજા કેટલાક ભારતીય જનતા પાર્ટીના નેતાઓની હત્યાના ઈરાદા સાથે અમદાવાદ આવ્યા હતા એ પૈકીનો એક તો જીવતો જ ઝડપાઈ ચૂક્યો છે. એની પાસેથી બીજા શાર્ટશૂટરની માહિતી પણ મળશે અને એમને સોપારી આપનાર પાર્ટીનું નામ પણ ખૂલશે. ગુપ્તચર એજન્સીઓ માટે આ ઘટના એક પડકાર ઉપરાંત તક બનીને આવી છે. હરેન પંડ્યા હત્યા કેસનો વીંટો વાળી દેવાયો છે અને એમાં સંડોવાયેલા કહેવાતા આરોપીઓને શંકાનો લાભ મળ્યો હોઈ સજા નથી થઈ. ગોરધન ઝડફિયા આમ જુઓ તો હરેન પંડ્યાની જ નવી આવૃત્તિ છે. એમણે વિશ્વ હિંદુ પરિષદ સાથે ઘણા વર્ષો સુધી કામ કર્યું છે અને ભારતીય જનતા પાર્ટીના સંગઠનમાં તેમજ સરકારમાં હોદ્દા શોભાવ્યા છે. નરેન્દ્ર મોદી સાથેના એમના મતભેદો જાણીતા છે. પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ સાથે મળી એમને નવો પ્રાદેશિક પક્ષ બનાવ્યો હતો જેનો કરુણ રકાસ થતાં વળી પાછા ભારતીય જનતા પાર્ટીમાં પાછા ફર્યા હતા. એમને મહત્ત્વની જવાબદારી પણ સોંપાઈ હતી. ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્ર ઉપરાંત કર્ણાટકમાં તેઓ પાર્ટીની જવાબદારીનું નિર્વહન કરતા રહ્યા છે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના પાટીદાર ચહેરા તરીકે એમની હાજરી અનિવાર્ય રહેતી આવી છે. સવિશેષ કેશુભાઈ પટેલના ક્ષેત્રસંન્યાસ પછી પાર્ટી પાસે લેઉવા પાટીદાર સમાજનો કોઈ પ્રભાવશાળી ચહેરો નથી રહ્યો જેની ક્ષતિપૂર્તિ ઝડફિયાને સક્રિય કરીને કરાતી રહી છે. આવા પ્રતિભાશાળી પાટીદાર હિંદુ નેતાને ટાર્ગેટ બનાવવામાં આવ્યા હોય ત્યારે આગામી દિવસોમાં ફરી એક વાર અંડરવર્લ્ડનાં આસુરી તત્ત્વો ગુજરાતને અને દેશને લોહીલુહાણ કરવાની ફિરાકમાં છે, એવું જરૂર કલ્પી શકાય. વળી એમની મોડસ ઓપરેન્ડીમાં પણ ધરખમ ફેરફાર થયો છે. હવે તેઓ ધરાર હિંદુત્વવાદી આગેવાનોની હોટલોમાં ઊતરીને એમની કાર્યવાહીને અંજામ આપવા કૃતસંકલ્પ લાગે છે. બનવાજોગ કે એમાં ખુદ હિંદુત્વવાદી પરિબળો વચ્ચે જામેલી જૂથબંધી પણ એક અગત્યના પરિબળ તરીકે બહાર આવે !

# ॥ વિઘ્નેશ્વરાય નમઃ ॥

### અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા





વિજયસિંહ અને શારદા - એકદમ ગરીબ દંપત્તિ. તૂટીફૂટી ઝૂંપડીમાં રહે. ગરીબાઈનું દુ:ખ - ઘર ચલાવી ન શકાય એનું દુ:ખ. શારદા સંસ્કારી અને સુશીલ હતી.

વિજયસિંહે ખોટું કર્યું. સમસ્યાઓથી ભાગી છૂટવું, એ એનો ઉપાય નથી. એકવાર વહેલી સવારે એણએ ગૃહત્યાગ કરી નાખ્યો. નગરની બહાર વન હતું. તેમાં એક સુંદર તળાવ હતું. બપોર થયા હતા, તે થાકી ગયો હતો. તળાવમાંથી પાણી પીધું. નજીકમાં વડલાનું ઘટાદાર વૃક્ષ હતું. એની છાયામાં એક શિલા હતી. એની ઉપર માથું ટેકવ્યું અને તરત ઘસઘસાટ સૂઈ ગયો.

એની આંખ ખૂલી, ત્યારે એક પ્રભાવશાળી સંત પુરુષ ઊભા હતા. વિજયસિંહે એને પ્રણામ કર્યા. તળાવને સામે કિનારે સંત પુરુષનો આશ્રમ હતો. એ વિજયસિંહને અહીં લઈ આવ્યો. એને સ્નાનનો આદેશ આપ્યો. નાહીને આવ્યો, એટલે ભરપેટ જમાડ્યો. એને સૂઈ જવાનું કહ્યું, મોડી સાંજે વિજયસિંહ ઊઠ્યો, ત્યારે પાસે બેસાડીને પ્રેમથી એને એની સમસ્યા પૂછી.

એની આપવીતી સાંભળીને સંતપુરુષને પણ આંખમાં પાણી આવી ગયાં. એણે સમસ્યાનો ઉપાય બતાવ્યો :

'તું અહીં રહે. કાલે મંગળવાર છે. આ લે ચાંદીનો નાનો બાજોઠ. એના ઉપર આ લાલ રંગનું કાપડ પાથરજે. આ ત્રણ સોપારી છે. ગણેશ, રિદ્ધિ અને સિદ્ધિ છે. ગણેશ પૂજા દર મંગળવારે કરજે. ચાર મહિના પછી ભાદરવા સુદ ચોથ આવશે. એ ગણેશ ચોથ છે. ત્રણ સોપારી અને લાલ કટકો આ તળાવમાં વહેલી સવારે પધરાવી દે જે. પછી તારે ઘરે જતો રહેજે.'

વિજયસિંહે અક્ષરશ: સંતના આદેશનું પાલન કર્યું. ગણેશ ચોથને દિવસે સંતને પગે લાગ્યો અને વિદાય લીધી. પોતાની ઝૂંપડીએ આવ્યો; તો અનહદ આશ્ચર્ય થયું. ઝૂંપડી નથી, પણ એક નાનકડો મહેલ હતો. અંદરથી શારદા બહાર આવી. એને એટલું જ આશ્ચર્ય પતિને જોઈને થયું; એ પ્રેમથી પતિને અંદર લઈ આવી. રહસ્યનો ઉઘાડ કર્યો :

'તમે ઓચિંતા જતા રહ્યા. કોઈક શુભ ઘડી એ મને આ પ્રદેઓશના મહારાજા સાથે સંપર્ક કર્યો. તે મારા સંસ્કાર અને સૌજન્યથી પ્રભાવિત થયા. એને કોઈ બહેન ન હતી. મારેય કયાં કોઈ ભાઈ હતો? એનાથી બહેનનું દુ:ખ ન ખમાયું. એણે આ મહેલ બનાવી આપ્યો. ત્રણ દાસ અને દાસી આપ્યા. નિર્વાહ ઉપાડી લીધો. તમને શોધવા સેવકો દોડાવ્યા.'

વિજયસિંહે પોતાની વાત કરી :

'આ બધું ગણેશકૃપા છે. આજે એમની ચોથ છે. એક સંતપુરુષની શીતળ છાયામાં મેં ગણેશ ઉપાસના કરી. એનું આ શુભ પરિણામ છે.'

શારદાએ દાસીને મહારાજ પાસે મોકલી - 'તમારા બનેવી આવી ગયા છે.' મહારાજ તરત જ આવી ગયા. વિજયસિંહનું બહુમાન કર્યું. વિજયસિંહ તંદુરસ્ત અને હૃષ્ટપુષ્ટ હતો. રાજયમાં સેનાપતિનું સ્થાન ખાલી હતું. એમણે વિજયસિંહને રાજયનો સરસેનાપતિ બનાવી દીધો.

# 'આપણે ઘડીક સંગ' લઘુનવલકથાના રચયિતા કોણ છે?

### ખજાનો

અનિલ પટેલ



## ગુજરાતી સાહિત્ય

૧ ડિમ લાઈટના લેખક કોણ છે?
(અ) ઈન્દુલાલ ગાંધી (બ) રઘુવીર ચૌધરી
(ક) રાવજી પટેલ (ડ) સુરેશ જોષી

૨ નાઈટમેર નવલકથાના લેખક કોણ છે?
(અ) સરોજ પાઠક (બ) મોહનભાઈ પટેલ
(ક) જય ભિખ્ખુ (ડ) ધનસુખલાલ મહેતા

૩ આઠો ઝામ ખુમારી કોની રચના છે ?
(અ) આદિલ મન્સુરી (બ) મરીઝ
(ક) નિરંજન ભગત (ડ) અમૃત ઘાયલ

૪ 'આપણે ઘડીક સંગ' લઘુનવલકથાના રચયિતા કોણ છે?
(અ) પન્નાલાલ પટેલ (બ) ચુનીલાલ મડિયા
(ક) દિગીશ મહેતા (ડ) વિનોદ ભટ્ટ

૫ પ્રેમ પદારથ એ કોની રચના છે ?
(અ) ગુલાબદાસ બ્રોકર (બ) જયંતિ દલાલ
(ક) સ્નેહ રશ્મિ (ડ) ક. મા. મુનશી

૬ પથ્થરના પારેવાના સર્જક કોણ છે ?
(અ) પીતાંબર પટેલ (બ) પુષ્કર ચંદરવાકર
(ક) ઈન્દુલાલ ગાંધી (ડ) ભગવતીકુમાર શર્મા

૭ કાનજી અને જીવી એ કઈ નવલકથાનનાં પાત્રો છે ?
(અ) અમૃતા (બ) મળેલા જીવ
(ક) સરસ્વતી ચંદ્ર (ડ) જનમટીપ

૮ 'અનિકેત અને ઉદયન' કઈ નવલકથાનાં પાત્રો છે?
(અ) અમૃતા (બ) ગ્રામલક્ષ્મી
(ક) લોહીની સગાઈ (ડ) આંધળી ગલી

૯ કયા સાહિત્યકાર પોતાને 'પહાડનું બાળક' તરીકે ઓળખાવે છે ?
(અ) ઝવેરચંદ મેઘાણી (બ) દુલાભાયા કાગ
(ક) કાકાસાહેબ કાલેલકર (ડ) વિનોબા ભાવે

૧૦ નીચેનામાંથી કઈ કૃતિ ચંદ્રવદન ચી મહેતાની છે ?
(અ) દરિયાલાલ (બ) દક્ષિણાયન
(ક) પાદરના તીરથ (ડ) આગગાડી

૧૧ 'મોરનાં ઈંડા' નાટકના લેખક કોણ છે ?
(અ) હસમુખ બારાડી (બ) કૃષ્ણલાલ શ્રીધરાણી
(ક) કાન્ત (ડ) લાભશંકર ઠાકર

૧૨ 'ભારેલો અગ્નિ' કયા લેખકની રચના છે ?
(અ) રમણલાલ વ. દેસાઈ (બ) કનૈયાલાલ મુનશી
(ક) ગુણવંતલાલ આચાર્યા (ડ) જયંતિ દલાલ

૧૩ ગરીબની ઝૂંપડી કોની કૃતિ છે ?
(અ) સુરેસ જોષી (બ) ધનસુખલાલ મહેતા
(ક) જયંત પાઠક (ડ) રસીકલાલ પરીખ

૧૪ 'દાંડિયો' એ કયા સાહિત્યકારનું પાક્ષિક હતું ?
(અ) વિનોબા ભાવે (બ) નર્મદ
(ક) કાલેલકર (ડ) મનુભાઈ પંચોલી

૧૫ દયારામનું જન્મ સ્થળ કયું છે ?
(અ) બોટાદ (બ) જેતલપુર
(ક) ડભોઈ (ડ) નડિયાદ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૨૧ ઓગસ્ટ :**
  - સવાઈ ગુજરાતીનું બિરુદ મેળવનાર દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર (કાકા કાલેલકર)નું નિધન (૧૯૮૧)
  - 'ભારત રત્ન' પુરસ્કૃત ઉત્સાદ બિસ્મીલ્લાખાનનું નિધન (૨૦૦૬)
  - ગુજરાતી ભાષાને વાર્તાને કાવ્યક્ષેત્રે સમૃદ્ધ કરનાર રામનારાયણ પાઠકની પુણ્યતિથી (૧૯૫૫)
  - ભારત-નેપાળ સરહદે ૧૯૮૮માં આવેલ ભૂકંપમાં ૧૦૦થી વધુમાં મોત થયો.
- **૨૨ ઓગસ્ટ :**
  - મહાન ન્યાયમૂર્તિ રામશાસ્ત્રી પ્રભૂણેનો જન્મ દિવસ (૧૭૨૦)
  - કેન્યાના રાષ્ટ્રપતિ જોમો કેન્યોટાનું નિધન (૧૯૭૮)
  - ઓસ્ટ્રેલિયાના શોધક બ્રિટીશ કેપ્ટન કૂકનો જન્મદિવસ (૧૭૭૦)
  - શ્રીલંકાના આનંદકુમાર સ્વામીની જન્મજયંતિ (૧૮૭૭)
- **૨૩ ઓગસ્ટ : ગુલામી વિરોધી દિવસ**
  - કેળવણીના પિતા રણછોડલાલ ગિરધરલાલ ઝવેરીની પુણ્યતિથિ (૧૮૭૩)
  - બંગાળી નવલકથાકાર તારાશંકર હરિદાસ બંદોપાધ્યાયનો જન્મદિવસ (૧૮૯૮)
  - સાહિત્યકાર પ્રવિણ દરજીનો જન્મદિવસ (૧૯૪૪)
  - લાભશંકર ઉમિયાશંકરની જન્મજયંતિ (૧૮૪૫)
- **૨૪ ઓગસ્ટ : વિશ્વ ગુજરાતી ભાષા દિવસ**
  - પ્રેમ અને શૌર્યની કવિતાઓના રચયિતા, ગાયક અને નીડર પત્રકાર નર્મદા શંકર દવે (કવિ-નર્મદ)નો જન્મદિવસ (૧૮૩૩)
  - ભારતીય રાજકારણમાં મહત્ત્વનું યોગદાન આપનાર રાજસ્થાનના રાજકીય નેતા રામનિવાસનો જન્મદિવસ (૧૯૨૪)
  - પ્રથમ માનવરહિત વિમાને એક માઈલની સફર ખેડી (૧૯૭૭)
  - યશોધર ન. મહેતાની જન્મજયંતિ (૧૯૦૯)
- **૨૫ ઓગસ્ટ :**
  - ગેલેલીયો ગેલીલીએ પ્રથમ વખત ટેલિસ્કોપનું જાહેરમાં નિદર્શન કર્યું (૧૬૦૬)
  - બ્રિટને લોર્ડ માઉન્ટ બેટનને દક્ષિણ પૂર્વ એશિયામાં સુપ્રીમ એલાયડ કમાન્ડર બનાવ્યા (૧૯૪૩)
  - ફિરંગી મુસાફર 'વાસ્દો ડી ગામા' ભારતના કાલીકટ બંદરે ઉતર્યા. (૧૪૯૮)
  - 'વનેચર'ના નામની જાણીતા પ્રકૃતિવિદ હરિનારાયણ આચાર્યનો જન્મદિવસ (૧૮૯૭)
- **૨૬ ઓગસ્ટ :**
  - વિદ્યુત ડાયનેમાના શોધક માઈકલ ફેરાડેનું નિધન (૧૮૬૭)
  - અલ્લાઉદ્દીન ખીલજીએ ચિતોડગઢ પર કબ્જો મેળવ્યો (૧૩૦૩)
  - દયાની મૂર્તિ મધર ટેરેસાનો જન્મદિવસ (૧૯૧૦)
  - બંગાળની સુમિત્રા લાહાએ સાતમી રાષ્ટ્રીય પાવર લીફટીંગમાં વિશ્વ વિક્રમ સ્થાપ્યો (૧૯૮૯)
- **૨૭ ઓગસ્ટ :**
  - 'આનંદ', 'અભિમાન', 'ગોલમાલ' જેવી બોલીવૂડની ફિલ્મના ડિરેકટર ઋષિકેષ મુખરજીનું નિધન (૨૦૦૬)
  - એચ.એમ. પટેલનો જન્મદિવસ (૧૯૦૪)
  - મા આનંદમયીની પુણ્યતિથિ (૧૯૮૨)
  - મનસુખલાલ ઝવેરીની પુણ્યતિથિ (૧૯૮૧)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં કોંગ્રેસના પ્રવક્તા અને નેતાનું નિધન થયું ? જવાબ : રાજીવ ત્યાગી**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૪) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી (૫) મહેશ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૬) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૭) મીત પટેલ : સે-૨૩

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ભારતીય મૂળના કયા મહિલા હાલ અમેરિકાના ઉપ રાષ્ટ્રપ્રમુખ ચૂંટણીમાં ઝંપલાવ્યું છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮ ગાંધીનગર**

# સમય વર્તે સાવધાન !

### હળવે હૈયે

પ્રકાશ લાલા



અમે ચોકઠામાં ગયા ત્યારે મોંઢે બુકાની બાંધેલા બહારવટિયા જેવા, રેડ અંકલ એકલા, 'માસ્ક' પાછળ મોં છુપાવીને ચોકઠા પરિષદના ઓટલે બેઠા હતા... (આજકાલ તો આપણે બધાયને આવી રીતે મોં છુપાવીને જ ફરવું પડે છે ને?) લાલાકાકા વિચારમાં ડૂબેલા લાગ્યા...

આ જોઈ અમે 'અરે રેડ અંકલ રેડ અંકલ, કિસ સોચમેં ડૂબે હો તુમ કિસ બાત કા હૈ ગમ...' એવું ગાતા ગાતા એમની નજીક પહોંચ્યા... એ સાંભળી અંકલની વિચારમુદ્રા ભંગ થઈ. એમણે ચીડથી મોંઢું બગાડ્યું હશે (જે 'માસ્ક' પાછળ દેખાયું નહીં!!) કતરાતી નજરે અમને જોઈ રહ્યા ને પછી સહસા પ્રશ્ન કર્યો : 'પનુભાઈ, હજી દીપુભાઈનું ઈન્વીટેશન આવ્યું નહીં ! શ્રાવણ તો પૂરો જાવામાં છે ને...'

દીપુભાઈ એટલે દીપકભાઈ ભટ્ટ. વર્ષોથી એ શ્રાવણ માસ કરે છે... એટલે કે આખો શ્રાવણ માસ વહેલા ઊઠી - પરવારી, શિવાલય પહોંચી જવાનું અને શિવલિંગ ઉપર જળાભિષેક, દૂધાભિષેક, બિલીપત્રાભિષેક કરવાના, ૐ નમઃ શિવાય કરવાના, શિવ મહિમ્ન પાઠ કરવાના - આમ ખાસ્સો દોઢ - બે કલાક ભોલેનાથને રીઝવવાના... દીપુભાઈ શ્રાવણમાં એક જ ટાઈમ જમે, સવાર-સાંજ દૂધને જ લે... દાઢીય વધારે... ને પાછા શ્રાવણ મહિનો પૂરો થયે ઊજવે... સગાં-વ્હાલાં, અમારા જેવા મિત્રોને લાડુ -ફુલવડી - દાળભાત - શાકની 'પ્રસાદી' લેવા નિમંત્રે...

રેડ અંકલ આ 'પ્રસાદી' ના નિમંત્રણની રાહ જોઈ રહ્યા છે એનો અમને ખ્યાલ આવ્યો... અમે કહ્યું : 'અંકલ, કોરોનાના કારણે આ શ્રાવણમાં તો દીપુભાઈ મહાદેવ મંદિરે નથી ગયા... ઘરે જ શિવલિંગ બનાવી, પૂજા કરી છે એટલે કદાચ ના પણ ઊજવે...'

'ના... ચાલે, યાર..' રેડ અંકલે મફતિયા લાડુનું જમણ ખોવાનું કેમ પાલવે ? એટલે જાણે અમારે શ્રાવણ ઊજવવાનો હોય એમ ધમકાવવા લાગ્યા : 'ઘરે તો ઘરે, પૂજા કરીને ? ઉપવાસ કર્યા - દાઢી વધારી એય શ્રાવણ માસ કર્યો જ કહેવાય... એટલે ઊજવવો જ જોઈએ... નહીં તો મહાદેવજી નારાજ થાય, હા...' 'મહાદેવ' એટલે 'મફત' (ફ્રી ઓફ ચાર્જ) પ્રેમી લાલાકાકા એમ અમારે સમજવાનું હતું...' પણ અંકલ, કોરોનામાં બધાંને ભેગાં ન કરાય એટલે...' અમે સમજાવવા ટ્રાય કર્યો ત્યાં તો વચ્ચે જ એમણે અમને સમજાવવા માંડ્યું : 'તે બધાં બહુને નહીં બોલાવવાનાં. મારા જેવા ખાસ ખાસને બોલાવે... જુદા જુદા ટાઈમના અંતરે બોલાવે.... દૂર દૂર બેસીને જમવાનું... આમ સાવચેતીનાં પગલાં લઈને ય 'પ્રસાદી' જમાડવી જ જોઈએ. દીપુભાઈએ...અંકલનો મફતિયા પ્રસાદી પ્રેમ ભારોભાર છલક્યો. ત્યાં જ અમે દીપુભાઈને આવતા જોયા... 'અંકલ, આ દીપુ ભટ્ટ આવ્યા... તમે એમને જ કહોને...' દીપુભાઈ નજીક આવ્યા એટલે અંકલ ઉવાચ : 'કેમ છે દીપુભાઈ, શ્રાવણ મહિનો સારો રહ્યોને... ખૂબ ભક્તિ કરી શિવજી મહારાજની?' 'હા, અંકલ... એ તો મારો વર્ષોનો નિયમ છે ને...' 'હા... તો પછી કોરોનાના બહાને દર શ્રાવણનો 'પ્રસાદી'નો નિયમ તૂટે નહીં એ જોજો...' 'યે હુઈ ના બાત...' લાલાકાકા મૂડમાં આવી જઈ બોલી ઊઠ્યા : 'તો કયારે આવવાનું છે અમારે પ્રસાદી લેવા ?'

'અંકલ, આ પરિસ્થિતિમાં તમારે નહીં આવવાનું... ઘરે બેઠાં પ્રસાદી પહોંચશે...'

'શું ? એટલે લાડુ-ફુલવડી પેકેટ ઘરે ઘરે પહોંચાડશો... કહેવું પડે, યાર, તમારું પ્લાનિંગ?' અંકલ તો સાંભળીને રાજીના રેડ થઈ ગયા. અમને કહે : 'જોયું ને, પનુભાઈ... તમે નકામી ચિંતા કરતા હતા કે આ વર્ષે દીપુ ભટ્ટ ઉજવણી નહીં કરે...' ત્યાં દીપુભાઈએ માહિતી આપી : 'પેકેટ નહીં... પ્રસાદી આ વખતે 'ઓનલાઈન' લેવાની છે, અંકલ? 'હેં ? એટલે ?' રેડ અંકલ...

બઘવાયા, 'જુઓ, સમજાવું... હાલની પરિસ્થિતિમાં સેમિનાર વેબિનાર થઈ ગયાછે, શિક્ષણ ઓનલાઈન ચાલે ઓછે, કલાકારોની કથાઓ અને મોટિવેશનલ વક્તાઓનાં પ્રવચનો તથા કવિ સંમેલનો - મનોરંજન માટે મ્યુઝિક ડ્રામાના પ્રોગ્રામ ઓનલાઈન - વર્ચ્યુઅલ ચાલે છે ને, એમ આ શ્રાવણની મારી ઊજવણી વર્ચ્યુઅલ હશે.... હું તમને પ્રસાદીની તારીખ, સમય ને લીંક વોટ્સએપ કરીશ. એ સમયે તમે મોબાઈલમાં લીંક ઓપન કરી જોડાશો એટલે તમારી સામે લાડુ-ફુલવડી - પૂરી - દાળભાત, શાક એમ પ્રસાદીની 'ફૂલ ડીશ' આવી જશે... તમારેય સંજોગાનુસાર આ શ્રાવણની પ્રસાદી વર્ચ્યુઅલ લેવાની રહેશે...'

'અરે, પણ, એવું તે કંઈ સારું લાગતું હશે?'

'અંકલ, સમય વર્તે સાવધાન... સમય સંજોગો પ્રમાણે કરવું પડે ને!' અંકલની વાતને સાંભળ્યા વિના દીપુભાઈએ 'ઓનલાઈન' ઊજવણીનાં બીજા આકર્ષણો રજૂ કર્યા : 'અને લાલાકાકા, આ વખતે પ્રસાદીની થાળીમાં લાડુ જ નહીં, મૈસૂર, કાજુ કતરી, મોહનથાળ, રસમલાઈ ને વિવિધ ફરસામ હશે... પ્રેમથી આ વર્ચ્યુઅલ પ્રસાદી લઈને આશીર્વાદ આપજો, હોં...'

'હા... ખાલી ફોટા જ બતાવવાના હોય તો કરકસર શું કામ કરવી, ખરુ ને ?' રેડ અંકલે રાતાચોળ થતાં કટાક્ષ કર્યો... મફતિયા 'લાડુ' ગુમાવવાનો રોષ પ્રગટ્યો' આશીર્વાદ જોઈએ છે...? હું તો કહું છું કે આવું ઓનલાઈન કમઠાણ કરવાથી તારો શ્રાવણ માસ નહીં ફળે...' ને પછી પોતાના લાભાર્થે સ્કીમ રજૂ કરી : 'જો દીપુ, એક કામ કરજે... બીજા બધાની વાત જવા દે... મને વર્ચ્યુઅલ નહીં, યાર એક્ચ્યુઅલ લાડવા ઘરે પહોંચાડજે તો તને પુણ્ય મળશે...' એટલું બોલી અંકલ ગુસ્સાથી નીકળી ગયા.